# જાગૃતિ સંદેશ

Price : 5/-

Total Page : 32

JAGRUTI SANDESH

Vol 16 Issue No. 08 - Mumbai AUGUST 2016


પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

આત્મીયશ્રી,

આવેગ માં કે આવેશ માં

જાણતા કે અજાણતા

પ્રત્યક્ષ કે પરોક્ષ

આપનાં મન મંદિરમાં

અમારાથી ક્યાંય ખલેલ

પહોંચી હોય તો...

પર્વાધિરાજના પાવન

અવસર પર

અંતઃકરણ પૂર્વક



## મિચ્છામિ દુક્કડમ્


WWW.HANSINI.NET HANSINIJEWELS
jewelry that makes you shine
HANSINI
JEWELS
Advt.
Lucknow Store:
M-18, Gole Market, Mahanagar, Lucknow. 0522-4953838
A Unit of Ramesth Diamonds Pvt. Ltd.
Mumbai Store:
Shop no. 10 & 11 Kent garden, B shopping Center Premises Co-op soc. Ltd. TPS
Factory Lane Borivali West Mumbai 400092. Ph: 022-28998335, Mob: +91-9828158335

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail: admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : શ્રી અમિત બી. કોઠારી |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

### : ટ્રસ્ટીઓ :

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### : ઈન્વાયટી :

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-** **વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,**

જય જિનેન્દ્ર,

મિચ્છા મિ દુક્કડમ્ આટલી મોટી સંસ્થાના વહીવટ અન્વયે ઘણીવાર વહીવટી સગવડતા માટે તથા અનુશાસન માટે કોઈ કોઈ કડવા નિર્ણય લેવા પડે છે. ક્યારેક ક્યારેક કડક વલણ અપનાવવું પડે છે. ક્યારેક સર્વાંગી હિતમા કોઈને અપ્રિય લાગે તેવું પગલું ભરવું પડે છે પરંતુ આ બધા માટે સંસ્થાનો વિકાસ જ મધ્યમાં હોય છે. તેથી પુરા વર્ષ દરમિયાન કોઈને અમારાથી જાણે-અજાણે કંઈ ખોટુ લાગ્યું હોય તો હૃદયના ઊંડાણથી મન-વચન-કાયાથી ક્ષમા માગીએ છીએ. 'મિચ્છામિ દુક્કડમ્'

રિયો ઓલિમ્પિકમા ૧૨માં દિવસે ભારતના મેડલ દુકાળનો અંત આવતા ૨૩ વર્ષીય કુસ્તીબાજ સાક્ષી મલિકે ૫૮ કિ.ગ્રા. વજન વર્ગમાં રેપચેન્જમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો હતો. રક્ષાબંધનની ઉજવણીને વધુ યાદગાર બનાવવા સાક્ષીએ દેશને બ્રોન્ઝ મેડલની ભેટ આપી હતી. આ સાથે સાક્ષીએ ઓલિમ્પિકની મહિલા કુસ્તીમા ભારતની સૌ પ્રથમ મેડલ વિજેતા પહેલવાન તરીકેની ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

રિયો ઓલિમ્પિકમાં ભારતીય બેડમિન્ટનની ખેલાડી સિંધુના ભગીરથ પ્રયાસ છતા ગોલ્ડ મેડલ મેચમાં તેને સ્પેનની કારોલીના મરીન સામે પરાજય સહન કરવો પડ્યો હતો. આ સાથે સિંધુએ બેડમિંટન મહિલા સિંગલ્સમાં સિલ્વર મેડલ મેળવવાનો ઈતિહાસ રચી દીધો હતો. ભારતને રિયો ઓલિમ્પિકમાં બંને મેડલ મહિલા ખેલાડીએ જ અપાવ્યા હતા.

કિસાનો માટે આકાશમાંથી કાચું સોનુ વરસી રહ્યું છે. શેરબજાર માટે તેજીનો સંકેત વરસી રહ્યો છે. વેપારી વર્ગ માને છે કે દિવાળી સારી જશે. ગૃહિણીઓ કહે છે કે પાણીની તંગી ઓછી થશે, પૈસાદારો માને છે કે કાદવ કિચડમા અમારી ગાડી ગબડે છે માટે વરસાદ બંધ થાય તો સારૂં? યુવાનો ભીંજાવવાની તક છોડતા નથી.

મેઘરાજા વિવધિ રીતે વર્ણવવામાં આવે છે. પરંતુ મેઘ એ જીવન છે, પાણી એ જીવન છે એ સૌ સ્વીકારે છે.

જે રીતે સમાચાર આવી રહ્યા છે તે ઉપરાંત આજુબાજુમાં નજર રાખીએ તો આ વર્ષે ચાતુર્માસ દરમિયાન ખૂબ જ કઠિન આરાધના અને તપસ્યા થઈ છે, જેમાંથી નાનાં-નાનાં બાળકો પણ બાકાત નથી, જે દર્શાવે છે કે જૈન સંપ્રદાયમાં ફિરકા અને વાડાઓથી પર રહી ધાર્મિક ઉછાળ આવેલો છે. છેવટે જગતને આંધીમાંથી બચવા માટે જૈન ધર્મ જ કામમાં આવશે. ભારત સિવાય દુનિયાના અન્ય ભાગમાં હિંસાનું જે તાંડવ ખેલાઈ રહ્યું છે તે મહાભયંકર અને વિનાશકારી અને માનવતાવિહિન છે. ઈરાકનો દાખલો આપણી સમક્ષ છે, જ્યાં માનવતા મરીપરવારી છે. એક જ રાષ્ટ્રના અને એક જ ધર્મના લોકો શેના માટે મોતની હોળી ખેલી રહ્યા છે તે આપણી સમજમાં આવતું નથી. છેવટે તેમના હાથમાં શું આવવાનું છે. ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીના અહિંસાવાદના સિદ્ધાંતની જ અત્યારે ખાસ જરૂર છે. સત્ય અને અહિંસા વડે આ લોકોનો હૃદયપલટો થઈ શકે. બાકી 'ખૂન કા બદલા ખૂન'થી ક્યારેય શાંતિ સ્થપાશે નહીં, એટલું આ આતંકવાદીઓને સમજાવી શકાય તો શાંતિ હાથવેંતમાં છે.

છેલ્લા ચોમાસાના ચાર મહિના દરમિયાન અલગઅલગ સંપ્રદાયમાં સર્વે ધર્માનુરાગીઓ પોતપોતાના ધર્મમાં લીન હતા. ભારતમાં ક્યાંય ધર્મના નામે મોટી હિંસા-તોફાન કે તાંડવ થયાં નથી. આટલો મોટો દેશ છે, તેથી નાનાં-મોટાં છમકલાં થાય, પણ તે બહુ જ નગણ્ય છે. માનનીય શ્રી નરેન્દ્ર મોદીના નિરપેક્ષ વહીવટમાં દેશ વિકાસના માર્ગે જવા તલપાપડ બની રહ્યા છે. વર્ષોથી નિષ્પ્રાણ બની રહેલા વહીવટમાં નવો પ્રાણવાયુ ફુંકાઈ રહ્યો છે. અસંખ્ય કસોટીવાળા કંટકમાંથી દેશ અનુશાસન તરફ ધીમી છતાં મક્કમ ગતિએ આગળ વધી રહ્યો છે તે તો દેખાઈ જ આવે છે. સુશાસન માટે કાયદાઓ તો આપણી પાસે ઢગલાબંધ છે, પરંતુ તેનો અમલ કરવા માટે જરૂરી યંત્રણા આપણી પાસે નથી. તે બધાનું સમીકરણ ઉકેલવા તરફ ડગ માંડી રહ્યા છીએ. સાથેસાથે મોદીસાહેબના વ્યક્તિત્વ વડે દુનિયાનાં અન્ય રાષ્ટ્રોમાં ઘસાઈ ગયેલી ભારતની છબી ઊજળી થઈ રહી છે. નેપાળ-ભુતાન-બ્રાઝિલ, શાર્ક વગેરે દેશો અને છેલ્લે જાપાન જેવા દેશો આપણા વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની તેજોવાણી અને ભાવનાથી હિપ્નોટાઇઝ થઈ રહ્યા છે અને હવે અમેરિકાનો વારો છે. અત્યાર સુધી મોદીના વીઝા (Vissa) રિજેક્ટ કરનાર અમેરિકા ભારોભાર પસ્તાતું હોય તેવું અમેરિકન રાજપુરુષોનાં કથન પરથી દેખાઈ આવે છે. પરંતુ જે થાય એ સારા માટે જ થાય તેવું આપણે માનીએ છીએ.

૧૯૫૨માં પ્રથમ લોકસભામાં ત્યારના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ કહેલું કે કોઈ પણ સબળ લોકશાહી માટે વિરોધ પક્ષનું મહત્વ બહુ જરૂરી છે. પરંતુ ત્યાર પછી વિરોધ પક્ષનો, પછી તે ગમે તે પાર્ટી હોય, પણ અ-સહિષ્ણુ વિરોધ તથા વિરોધ કરવા ખાતર જ વિરોધ સપાટી પર આવ્યો જેણે દેશની દશા ખરાબ કરી નાખી. સત્તા પર રહેલી પાર્ટી જો સમુદ્રમંથન કરી અમૃતકુંભ લઈ આવે તોપણ તેનો પૂર્વગ્રહયુક્ત, બિનખેલદિલીપૂર્વકનો વિરોધ કરવો એ વિરોધ પક્ષનો ધર્મ બની ગયો છે. અત્યારે એવું જ થઈ રહ્યું છે. કોઈપણ સારાં કામોને બિરદાવવાને બદલે વખોડવાનું કામ જોરમાં ચાલી રહ્યું છે, પણ મોદીસાહેબ છે જે હાથીની ચાલે પ્રગતિ તરફ જઈ રહ્યા છે. (હાથીની ચાલ કોને કહેવાય એ તો તમને ખબર જ હશે).

આ વર્ષે ૧૫મી ઓગસ્ટના રોજ રિવાજ પ્રમાણે લાલ કિલ્લા પરથી કરોડો લોકોના હૃદયસમ્રાટ સમાન માન્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગું અભૂતપૂર્વ ભાષણ આપ્યું જે ખૂબ જ પ્રેરક હતું, જેની શાબ્દિક વૅલ્યૂ કરતાં ભાવ વૅલ્યુ ઘણી જ હતી. ઘણા સારા સારા રાષ્ટ્રઉપયોગી વિકાસકાર્યો તરફ દોરી જતા મુદ્દાઓ રજૂ કર્યા જે પૂરા રાષ્ટ્રએ એકચિત્તે સાંભળ્યા. આ ભાષણનું સૌથી મોટું આ કાર્ય એ હતું કે ૯૬ મિનિટ ભાષણમાં તેમણે ક્યાંય પૂર્વલખાણનો ઉપયોગ કર્યો નહીં, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. નહેરુ પછી પ્રથમ વાર કોઈ પણ પ્રકારની કોન્ટ્રોવર્સી કે શાબ્દિક ચર્ચા થાય તેની પરવા કર્યા વિના બિન્દાસ રીતે વક્તવ્ય આપ્યું જે ખૂબ જ અર્થપૂર્ણ હતું. પૂરું ભાષણ તો સર્વેએ સાંભળેલું છે. પરંતુ મારે એક ઉલ્લેખ ખાસ કરવો છે જેને આપણા જૈન સમુદાય સાથે

સંબંધ છે. નિ:શંક વાત છે કે 'જય જવાન' અને 'જય કિસાન' બન્ને રાષ્ટ્રના મૂળભૂત અંગ છે. જવાન દેશની રક્ષા કરે છે અને કિસાન જગતનો તાત છે જે અનાજ પેદા કરે છે. સાથેસાથે બીજા એક અગત્યના અંગની કાયમ માટે ઉપેક્ષા કરવામાં આવતી હતી તે 'ઉત્પાદક'(Manufactures)નો ખાસ ઉલ્લેખ કરી તેને મહત્વ આપ્યું. તેમણે કહ્યું કે હિંદુસ્તાની પ્રજાની દરેકેદરેક જરૂરિયાત ભારતમાં બનવી જોઈએ જેથી ખૂબ જ મહેનતથી કમાવેલ હૂંડિયામણ બહારના દેશમાં ચાલ્યું ન જાય અને દેશના યુવાનોને રોજીરોટી મળી રહે તે માટે તેમણે તે સૂત્ર આપ્યું 'Make in India' આપણી કમનસીબી છે કે આપણે એવી પોલિસી ધારણ કરી છે કે રક્ષાબંધન ૧૦૦ ટકા ભારતનો જ તહેવાર હોવા છતાં કંટેનરો ભરીને લાખો રૂપિયાની રાખડી આપણે ચીનથી મંગાવીએ છીએ. શું આપણે રાખડી બનાવી શકીએ નહી? ચીનને તો રાખડી સાથે કોઈ સંબંધ જ નથી. એવી જ રીતે દિવાળી પર કરોડો રૂપિયાની લાઈટિંગ સિરીઝ ચીનથી મગાવીએ છીએ જે આપણા કરતાં ઘણી સસ્તી અને બિનટકાઉ હોય છે. આ તો થોડાક દાખલા આપ્યા. આવું તો દરેક વસ્તુમાં છે. સારું થયું કે આપણા માનનીય વડા પ્રધાનની નજરમાં આ પ્રકરણ આવી ગયું. હવે ઈન્ડસ્ટ્રીઅલ પૉલિસીમાં ધરખમ ફેરફાર થયા પછી આપણે ત્યાં બેકારી ઓછી થશે. યુવાનો કામે લાગશે અને હૂંડિયામણ વધશે. ધન્યવાદ છે વડા પ્રધાનને તેમની અગમ બુદ્ધિ માટે.

અગ્યાર વર્ષ પહેલાં હાયર એજ્યુકેશન અભિયાન શરૂ કર્યું ત્યારે જૈન સમુદાયના શ્રેષ્ઠિઓને-દાતાઓને આ અભિયાનમાં એજ્યુકેશન માટે ડોનેશન આપવાનું સમજાવવું બહુ કઠિન કાર્ય હતું. કારણકે ત્યારે આસ્થા ધર્મ પ્રત્યે જ હતી. એજ્યુકેશન માટે અભિયાન ચલાવવું તે સાધર્મિક ભક્તિનો એક ભાગ છે એવું સમજાવતા આપણને વર્ષો લાગ્યાં. પરંતુ મને કહેતા આનંદ થાય છે કે તે બાબતમાં આપણે આંશિક સફળ થયા છીએ. સમાજ જો ભણેલો હોય તો જ શાંતિ અને સમૃદ્ધિ આવશે અને તો જ ધર્મ ટકશે એવું હવે નિર્વિવાદ છે. તેનું પરિણામ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે.

આ વર્ષે એજ્યુકેશનના ઉપસારમા જે ''જીના ઈસીકા નામ હૈ'' (Blind Show Orchestra) આપણે નિર્માણ કર્યું હતું. તેનું Impact ધાર્યા કરતા વધારે આવેલ છે. છતા બોમ્બે બહારના ઘણા સેન્ટર તેની અસરમાથી વંચિત રહી ગયા છે. તો ત્રણ-ચાર નજીકના સેન્ટરોએ ભેગા મળીને આ પ્રોગ્રામ કરવો તે આપણા માટે યોગ્ય છે.

જેથી તેમની આસ્થામાં પરિવર્તન આવશે જ. તેવી મને ખાતરી છે. Let us Hope for the Best જે થઈ રહ્યું છે તે સારા માટે જ થઈ રહ્યું છે.

*લિ. સંજય બી. શાહ*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમા વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા, આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્ક: ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોન: ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

લિ. સેક્રેટરી જનરલ
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૦૭-૦૭-૧૬ | 'જીના ઈસી કા નામ હૈ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| | : | ૧૫-૦૭-૧૬ | 'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ◈ |
| ● બોરીવલી | : | ૧૭-૦૭-૧૬ | 'સુલ્તાન' - ફિલ્મ | ◈ |
| | : | ૨૦-૦૭-૧૬ | 'અણસાર' - નાટક | ✦ |
| ● ભાંડુપ-વિક્રોલી | : | ૦૨-૦૭-૧૬ | 'એમ.જે. મનીષ જોશી' - ગુજરાતી ગીત | ◈ |
| | : | ૧૪-૦૭-૧૬ | 'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ◈ |
| | : | ૨૬-૦૭-૧૬ | '--- in Motion' - હિંદી ગીત | ◈ |
| ● ચેમ્બુર | : | ૧૧-૦૭-૧૬ | 'સુલ્તાન' - ફિલ્મ | ◈ |
| | : | ૨૫-૦૭-૧૬ | 'જીના ઈસીકા નામ હૈ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● દહીંસર | : | ૧૭-૦૭-૧૬ | 'અણસાર' - નાટક | ◈ |
| | : | ૩૧-૦૭-૧૬ | 'જીના ઈસીકા નામ હૈ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● જેમ્ જગડુશા | : | ૧૧-૦૭-૧૬ | 'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ◈ |
| ● જુહુ | : | ૦૫-૦૭-૧૬ | 'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ◈ |
| | : | ૦૬-૦૭-૧૬ | 'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક | ◈ |
| | : | ૧૨-૦૭-૧૬ | 'સુલ્તાન' - ફિલ્મ | ◈ |
| | : | ૨૪-૦૭-૧૬ | 'મદારી' - ફિલ્મ | ◈ |
| | : | ૨૬-૦૭-૧૬ | 'રફી વન્સ મોર' - મ્યુઝીકલ શો | ◈ |
| | : | ૨૭-૦૭-૧૬ | 'અણસાર' - નાટક | ◈ |
| | : | ૨૮-૦૭-૧૬ | 'કબાલી' - ફિલ્મ | ◈ |
| ● જુહુ બીચ | : | ૦૪-૦૭-૧૬ | 'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક | ◈ |
| | : | ૧૦-૦૭-૧૬ | 'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક | ✦ |
| | : | ૨૨-૦૭-૧૬ | 'અણસાર' - નાટક | ◈ |
| ● કાંદિવલી | : | ૧૩-૦૭-૧૬ | 'હાફ ટિકીટ' - નાટક | ✦ |
| ● કલાનગરી વડોદરા | : | ૧૭-૦૭-૧૬ | 'મ્યુઝીકલ હાઉસી' - ગેમ શો | ★ |
| ● કર્ણાવટી (અમદાવાદ) | : | ૧૬-૦૭-૧૬ | 'જાદુ કિશોર કા' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● લેડીઝ વિંગ અમદાવાદ | : | ૧૪-૦૭-૧૬ | 'સુલ્તાન' - ફિલ્મ | ◈ |
| ● લેડીઝ વિંગ દહિસર | : | ૧૪-૦૭-૧૬ | 'Life Line Motination' - શ્રી ઉજમ છેડા | ★ |
| | : | ૩૧-૦૭-૧૬ | 'જીના ઈસીકા નામ હૈ' - ઑર્કેસ્ટ્રા | ★ |

| | | | |
|---|---|---|---|
| ● મલાડ | : ૧૦-૦૭-૧૬ | ‘કીટી પાર્ટી’ - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● મુંબઈ | : ૦૯-૦૭-૧૬ | ‘જીના ઈસીકા નામ હૈ’ - ઑર્કેસ્ટ્રા | ★ |
| | : ૧૦-૦૭-૧૬ | ‘સુલ્તાન’ - ફિલ્મ | ◈ |
| | : ૨૮-૦૭-૧૬ | ‘જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ’ - નાટક | ◈ |
| ● નવી મુંબઈ | : ૦૭-૦૭-૧૬ | ‘જીના ઈસીકા નામ હૈ’ - ઑર્કેસ્ટ્રા | ★ |
| | : ૧૧-૦૭-૧૬ | ‘કર્મનું કુરુક્ષેત્ર’ - નાટક | ◈ |
| ● નેત્રાંગ | : ૦૧-૦૭-૧૬ | ‘બ્લડ ડોનેશન કૅમ્પ’ - મેડીકલ કૅમ્પ | ◈ |
| ● નૉર્થ ઈસ્ટ | : ૧૨-૦૭-૧૬ | ‘સુલતાન’ - ફિલ્મ | ◈ |
| | : ૨૩-૦૭-૧૬ | ‘જીના ઈસીકા નામ હૈ’ - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● પેડર રોડ | : ૦૨-૦૭-૧૬ | ‘જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ’ - નાટક | ◈ |
| | : ૧૬-૦૭-૧૬ | ‘સુલતાન’ - ફિલ્મ | ◈ |
| | : ૧૭-૦૭-૧૬ | ‘જીના ઈસીકા નામ હૈ’ - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● રજવાડી | : ૦૨-૦૭-૧૬ | ‘ચાલો કરીએ પ્રેમ (મનીષ જોષી)’ - મ્યુઝીકલ શો | ◈ |
| | : ૧૩-૦૭-૧૬ | ‘મોર્ડન મિડલ ક્લાસ’ - નાટક | ◈ |
| | : ૧૯-૦૭-૧૬ | ‘સુલતાન’ - ફિલ્મ | ◈ |
| | : ૨૪-૦૭-૧૬ | ‘ગ્રેટ ઈન્ડિયન મડ શી’ - | ★ |
| | : ૩૦-૦૭-૧૬ | ‘રૉક શો (ગુરદીપ મહેંદી)’ - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● રૉયલ જગડુશા | : ૨૨-૦૭-૧૬ | ‘જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ’ - નાટક | ◈ |
| | : ૩૦-૦૭-૧૬ | ‘ખડખડાટ’ - લાફ્ટર શૉ | ◈ |
| ● સાયન માટુંગા | : ૧૪-૦૭-૧૬ | ‘સુલતાન’ - ફિલ્મ | ◈ |
| | : ૨૫-૦૭-૧૬ | ‘મૉર્ડન મિડલ ક્લાસ’ - નાટક | ◈ |
| ● શિવાજી પાર્ક | : ૦૨-૦૭-૧૬ | ‘મ્યુઝીકલ કાર્યક્રમ’ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : ૨૪-૦૭-૧૬ | ‘સુલતાન’ - ફિલ્મ | |
| | : ૨૭-૦૭-૧૬ | ‘અદ્દશ્યમ’ - નાટક | ◈ |
| ● વિલે પાર્લે | : ૦૩-૦૭-૧૬ | ‘ખડખડાટ’ - લાફ્ટર શો | ◈ |
| | : ૧૦-૦૭-૧૬ | ‘સુલતાન’ - ફિલ્મ | ◈ |
| | : ૨૬-૦૭-૧૬ | ‘જીના ઈસીકા નામ હૈ’ - મ્યુઝીકલ શો | ★ |
| ● વસઈ | : ૦૯-૦૭-૧૬ | ‘મમ્મી મારી યમુના અમે એના નમુના’ - નાટક | ◈ |
| | : ૩૧-૦૭-૧૬ | ‘હાકલ પડી છે જિન શાસનની’ - ભાવયાત્રા | ◈ |
| ● ઊપલેટા | : ૨૪-૦૭-૧૬ | `Lets them listen' - વક્તૃત્વ સ્પર્ધા | ◈ |
| | : ૩૧-૦૭-૧૬ | `Lets Meet Again' - વક્તૃત્વ સ્પર્ધા | ★ |

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

## SEPTEMBER CHARTER DATE

| S.No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Rajwadi | 01-09-1996 | Minesh Shah | 9821028409 | Sunil shah | 9820278883 |
| 2 | Ladies Wing Mandvi | 14-09-2008 | Bharti Sanghvi | 02834-223866 | Ragini P. Bhandari | 9428066201 |
| 3 | Dhandhuka | 20-09-2014 | Nilesh Bagadiya | 9428111101 | Nehal Shah | 9825581006 |
| 4 | Vardhman Nagar (Bhujodi) | 22-09-2012 | Chaitanya Mehta | 9974056779 | Tushar Jain | 9879600868 |
| 5 | Chembur | 28-09-1992 | Jayanti Chhadva | 9821920217 | Shantilal Nandu | 9987777218 |
| 6 | Bhavnagar | 28-09-1997 | Pradip Shah | 9825205710 | Rajan Mehta | 9898980044 |
| 7 | Mumbai | 29-09-1980 | Kiran Shah | 9820024491 | Dilip Shah | 9322714780 |
| 8 | Nandurbar | 29-09-1996 | Nilesh Shah | 9860422900 | Mahendra Tated | 9422285604 |
| 9 | Ladies Wing Ahmedabad | 30-09-2012 | Rita Shah | 9712905622 | Rupa H. Vakil | 9426672194 |


# જૈન જાગૃતિ સેન્ટર - ૧૫૪
# બીલીમોરા
## આયોજીત અપરણિતોનો યુવા મેળો

ફોર્મ પરત કરવાની છેલ્લી તા.૦૫.૦૯.૨૦૧૬

**તા. ૨૫/૦૯/૨૦૧૬ને રવિવારે**

ફોર્મ પરત કરવાની છેલ્લી તા.૦૫.૦૯.૨૦૧૬

ફોર્મ www.jainjagruti.com પરથી પણ મળી શકશે.

**સ્થળ : મોહનલાલ ચુનીલાલ શાહ હોલ, સોમનાથ સંકુલ બીલીમોરા**

**પ્રવેશ ફોર્મ મેળવવા તથા પરત આપવાનું સ્થળ**

**બીલીમોરા**
સંજીવ શાહ (મંત્રીશ્રી)
નેશનલ મેડીકલ સ્ટોર્સ,
ગંગામાતા સર્કલ, બીલીમોરા(વેસ્ટ)
૦૨૬૩૪-૨૮૫૭૩૭, મો. ૯૪૦૮૬ ૯૨૭૦૮
મો. ૯૮૨૫૨ ૩૬૦૩૯

**બીલીમોરા**
અમીત એસ. શાહ(પ્રમુખશ્રી)
૧૦૦ વાત્સલ્ય, બજાર સ્ટ્રીટ,
બીલીમોરા(વેસ્ટ).
૦૨૬૩૪-૨૮૫૮૫૩,
મો. ૯૮૯૮૬ ૧૫૬૨૬

Advt.

# ક્ષમાપના - એક આરાધના

■ હરીશ શાંતિલાલ મહેતા

જૈન ધર્મની ઘણી વિશિષ્ટતાઓ છે જેનાથી તે વિશ્વના સર્વે ધર્મથી અલગ તરી આવે છે અને તેથી જ વિશ્વના ટોચના ધર્મચિંતકોનું ધ્યાન જૈન ધર્મ પર સતત મંડાયેલું રહે છે. જૈન ધર્મની મહત્તા જૈન સમાજ કરતાં જૈનેતરોને વધુ છે. શા માટે જૈન ધર્મ વિશિષ્ટ છે અને જૈન સમાજ શા માટે નીજ ધર્મની મહત્તા પામી નથી શક્યો તે અંગે ઘણા કારણો હોઈ શકે.

જૈન સાધુ-સાધ્વીની આચારસંહિતા ખૂબ જ આકરી છે. એક માણસ પોતાના જીવનમાં જે રીતે પરિગ્રહ તથા પૂર્વગ્રહોને છોડીને આકરી દિનચર્યા હેઠળ સાધુજીવન ગાળે છે તે જગતના અન્યધર્મીઓ માટે અજાયબીભરી તેટલી જ અકળાવનારી રહી છે. પણ વિશ્વના સામાન્ય ધર્મપ્રેમી માટે તાજુબ્બભરી બાબત જૈન ધર્મ માટે છે તે તેની ક્ષમાપનાની આરાધના. ચોક્કસપણે ક્ષમાપના એક આરાધના છે. સાચા અર્થમાં એક તપ છે. દિલથી આપણે કોઈની ક્ષમા માંગીએ અને જે ક્ષમા માંગે તેને નિર્મળ હૃદયે ક્ષમા આપીએ તે ક્રિયા જ આપોઆપ એક સિદ્ધી બની જાય છે.

''વેરથી વેર શમે નહિ જગમા,
પ્રેમથી વેર શમે જીવનમાં''

સર્વથા સહુ સુખી થાઓ જેવા મંત્રો આપણે સૌ બોલીએ છીએ પણ વાસ્તવમાં આપણી અન્યોને સુખી કરવાની ક્રિયાઓ ભાગ્યે જ ફળદાયી હોય છે. જ્યારે 'મિચ્છા મી દુક્કડમ્' જેવી ભાવના દ્વારા સંસારના સર્વે જીવોની હૃદયપૂર્વકની ક્ષમાપના માંગવી એ અદ્ભૂત કાર્ય છે. એટલું જ નહિ પણ કોઈ આપણી ક્ષમા માંગે તો વિશાળ હૃદયે તેને ક્ષમા આપવી આટલું જ નહિ પણ ક્ષમાપના માંગવાની અને આપવાની ક્રિયા બાદ મનને શુદ્ધ કરીને દિલને સાફ કરીને કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર જીવનની યાત્રા ચાલુ રાખવાની.

ઘનઘોર જંગલમાંથી વિહાર કરતા પ્રભુ મહાવીરને નજીકના ગામવાસીઓએ અરજ કરી કે પ્રભુ આ જંગલમાંથી વિહાર કરવાનું મુનાસિબ નથી કારણ ત્યાં એક ઝેરીલો સર્પ રહે છે અને તેની સાથે સામનો કરવો મુશ્કિલ છે. આ ચંડકૌશિક સાપની પણ પર પ્રેમભરી લાગણીઓ વર્ષાવતા પ્રભુ તેની પાસેથી જ પસાર થાય છે ત્યારે દૂરથી જ ઝેરની પિચકારી વરસાવતા સર્પ પ્રભુના પગના અંગુઠે ડંસ માર્યો. અને ત્યાં લોહીને બદલે દૂધની ધારા વહેવા માંડી. આવા ઝેરીલા સર્પ કે કાનમાં ખીલા ઠોકનારા ગોવાળ હોય સર્વેને ક્ષમાપનાની લ્હાણી કરીને પ્રભુએ જગતને પોતાના ભવ્ય વ્યક્તિત્વનો પરિચય આપ્યો.

આ રીતે જગતને મૈત્રીભાવ, પ્રેમ અને ક્ષમાપનાનો ઉપદેશ આપનારા પ્રભુ મહાવીરે સૌ પ્રથમ આ ઉપદેશનો જીવનમાં અમલ કર્યો અને વિશ્વને સૌથી મોટું ઉદાહરણ આપ્યું કે આ લાગણીઓ જીવનમાં અશક્ય નથી જ અને બહુ સરળ પણ છે.

હાલમાં આપણે સૌ જૈનો પ્રભુ મહાવીરના સંતાનો ધર્મમય ચાતુર્માસની આરાધના કરી રહ્યા છીએ. પરમ પાવક પર્વાધિરાજ પર્યુષણની આરાધના પણ કરીશું તે મંગલમય પ્રસંગે વિશ્વને ક્ષમાપના આરાધનાનો જાગૃતિ સંદેશ આપીએ. ક્ષમાપના અને જીવદયાનો સંદેશ આપણે જીવનમાં ઉતારીએ અને જૈન ધર્મએ વિશ્વને આપેલી આ ભેટ જગતને ચરણે ધરીએ.

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમતું મે
મિત્તમે સર્વે ભૂતેષ, વેરં મઝ્ઝ ન કેણઈ

પુષ્પગુચ્છ ૧૨૮

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

# જૈન જાગૃતિ સેન્ટર

## અંકલેશ્વર દ્વારા આયોજીત



## સાતમો સમસ્ત જૈન અપરિણીત યુવક-યુવતી પરિચય મેળો

**પરિચય મેળાની તારીખ**
**૧૬-૧૦-૨૦૧૬**

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ**
**૨૦-૦૯-૨૦૧૬**

**એન્ટ્રી ફી : યુવક/યુવતી - રૂા. ૧૦૦૦/-**

**ફોર્મ મેળવવાનું સ્થળ :**
જૈન જાગૃતિ સેન્ટર,
C/o.સુરેખા ફાઈનાન્સ, એફ-૧૫,
રોયલ કોમ્પલેક્ષ, વાલીયા ચોકડી,
અંકલેશ્વર - ૩૯૩ ૦૦૨.

**ઓનલાઈન ફોર્મ મેળવવા માટે**
- jainjagruti.com
- Whatsapp થી મેળવવા.
  મો. ૯૪૨૭૧ ૫૭૯૫૧, ૯૮૨૫૫ ૩૩૮૨૨, ૯૩૨૭૯ ૫૦૦૯૫
- Email દ્વારા dd_ank@yahoo.com

**વધુ માહિતી માટે :**
ધીરેનભાઈ - ૯૪૨૭૧ ૫૭૯૫૧,
દિલીપભાઈ - ૯૮૨૫૫ ૩૩૮૨૨,
ભરતભાઈ - ૯૩૨૭૯ ૫૦૦૯૫
પંકજભાઈ - ૯૪૨૬૧ ૪૧૬૬૫



# પર્યુષણનો મહિમા

■ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

સ્વર્ગ તો કોઈએ જોયું નહોતું, પણ મહધદેશ જોનારને સ્વર્ગ જોયાનો આનંદ મળતો. દેવોની પાટનગરી અમરાપુરી તો કોઈએ જોઈ નહોતી, પણ રાજગૃહી જોનારને અમરાપુરીનો અણશારો મળતો.

દેવોના રાજા ઈન્દ્રને ચર્મચક્ષુવાળા માનવીઓ નજરે નીરખી શકતા નહીં, પણ મગધપતિ સેણિય બિંબિસારને નીરખતાં ઇંદ્રરાજની પ્રતિભા પરખાઈ જતી.

ઇંદ્રરાજની પટરાણી શચિદેવીનાં રૂપગુણ લઈને રાણી ચેલણાએ અવતાર ધર્યો હતો અને મગધની રાજસભા એ દેવસભા જેવી અને સભાજનો દેવોની પ્રતિમૂર્તિ સમા લાગતા.

રાજગૃહી અનેક પર્વતશૃંગોની વચ્ચે વસેલી હતી. તે અપૂર્વ વનશ્રી ધવરાવતી હતી. એક દિવસ વનમાં અપૂર્વ અચરજ થયું. જન્મજાત વેરવાળાં પ્રાણીઓ એકબીજાંને પ્રેમ કરતાં હતાં. ગાય વ્યાઘ્રબાળને ધવરાવતી હતી અને બિલાડી ઉંદરને પ્યાર કરતી હતી. સર્પ ને નકૂલ બંને ગાઢ મિત્ર થઈને ફરતા હતા.

વનપાલકને આ અચરજ થયું અને એ વન્નાંડ ખંડમાં પ્રવેશ્યો ત્યાં તેને જાણવા મળ્યું કે વીતરાગ ભગવાન મહાવીર અહીં સમોસર્યા છે અને એમના ક્ષમા-પ્રેમભર્યા વ્યક્તિત્વનો આ પ્રભાવ છે. વનપાલક દોડયા અને રાજસભામાં જઈને મગધરાજને ખબર આપ્યા કે ભગવાન મહાવીરદેવ પધાર્યા છે. પ્રકૃતિ પોતે પોતાને ભૂલી ગઈ છે અને પ્રાણનું મહાપ્રાણમાં વિસર્જન થયું છે.

મગધરાજ સફાળા ખડા થઈ ગયા અને બોલ્યા, ''ઓહ, આ વર્તમાન સાત ખોટના પુત્રના જન્મથી પણ અધિક છે. વધામણી લાવનારને સુવર્ણ અને હીરાના હારથી વધાવો અને આનંદભેરી બજાવી સમસ્ત પ્રજાજનને સાબદા કરો. અમે પણ પ્રભુદર્શને સંચરીએ છીએ.'' મહારાજ હાથીએ ચઢયા. ઢોલ-નગારાં ગડગડ્યાં અને રાજવી પ્રભુની પરિષદામાં આવ્યા પછી ધર્મવીરના નિયમ પ્રમાણે તેઓએ છત્ર છોડયું, ચામર ત્યજ્યાં, વાહન વર્જ્યાં. પાંચ રાજચિહ્ન અળગાં કર્યાં અને પતાકા છોડી ને પાંચ અભિગમ સાથે પ્રભુને વંદ્યા.

મુનિઓમાં શિરદાર ગૌતમને વંદ્યા. વંદીને પોતે પ્રભુથી સાડા ત્રણ હાથ દૂર બેઠા. ભગવાન મહાવીર માલકોષ રાગમાં પોતાની વાણી વહાવતા હતા. તેઓ કહેતા હતાઃ ''સંસારમાં લખ ચોરાસીમાં ફરતાં મનુષ્યજન્મ મળવો મહાકઠણ છે. એમાંય મનુષ્યજન્મ મળીને સારમાણસાઈ મેળવવી દુર્લભ છે અને એથીય દુર્લભ અહિંસા, સંયમ ને તપ-એમ ત્રણ પાયારૂપ ધર્મ મેળવવા દુર્લભ છે અને સર્વશ્રી દુર્લભ યોગ્ય જાણીને યોગ્ય આચરવું તે છે. આ મુનિ અને ગૃહસ્ બંને માટે સમજવું.''

''માણસનું મન હરહંમેશ એકસમાન નથી. વળી બધા દિવસ સરખા હોતા નથી. કોઈ દિવસ મોટા હોય છે એવા દિવસો પર્વના છે. ચાલુ દિવસમાં મન એટલું ઉલ્લાસિત થતું નથી જેટલું પર્વના દિવસોમાં થાય છે. વળી, ગૃહસ્થના ચાર પહોર તો ધંધામાં જાય છે, પણ એમાંથી એક યા અડધો પ્રહર પરમાર્થમાં જાય તો એ મહાન સાફલ્ય ગણાય અને એમ રોજ ન થઈ શકે તો પર્વના દિવસો આવે ત્યારે ગૃહસ્થે ખાસ ધર્મકાર્યમાં ચિત્ત પરોવવું. ગાયના ગળે કાષ્ઠધ્વંસ બાંધી હોય તોય ફરતી ફરતી થોડાં તૃણ ખાઈ પેટ ભરી લે છે. એવું આમાં છે.

મગધરાજે આ વખતે પ્રશ્ન કર્યો, ''હે ભગવાન, પાપનું શોષણ થાય ને પુણ્યનું પોષણ થાય એવું પર્વોમાં મહાન પર્વ કયું છે?''

ભગવાન બોલ્યા, ''હે રાજન, મંત્રમાં નવકારમંત્ર જેમ મોટો છે, તીર્થમાં શત્રુંજય મોટો છે, દાનમાં અભયદાન મોટું છે, રત્નમાં ચિંતામણિ રત્ન મોટું છે, કેવળીમાં તીર્થંકર મોટા છે, જ્ઞાનમાં જેમ કેવળજ્ઞાન મોટું છે, ધ્યાનમાં જેમ શુક્લધ્યાન મોટું છે, રસાયણમાં અમૃત મોટું છે, શંખમાં દક્ષિણાવર્ત મોટો છે, પર્વતમાં મેરુ મોટો છે, નદીમાં ગંગા મહાન છે, સરોવરમાં માનસરોવર મોટું છે. એમ દ્વીપને વિષે જંબુદ્વીપ ક્ષેત્રને વિષે ભરતક્ષેત્ર,

દેશમાં સોરઠ, દિવસમાં દિવાળીનો દિવસ અને માસમાં ભાદરવો શ્રેષ્ઠ છે. એમ સર્વ પર્વોમાં પર્યુષણ પર્વ મહાન છે. એક વાત કહું, જેમ તપ વિના મુનિ ન શોભે, શીલ વિના સ્ત્રી ન શોભે, શૌર્ય વિના શૂરો ન શોભે, વેદ વિના વિપ્ર ન શોભે, દયા વિના ધર્મ ન શોભે, તેમ ગૃહસ્થ અને મુનિનું કુળ પર્યુષણની આરાધના વિના ન શોભે.''

મગધરાજ કહે, ''એ પર્વ ક્યારે આવે? કેટલા દિવસ ચાલે?''

ભગવાન કહે, ''પર્યુષણ પર્વ આઠ દિવસનું, પણ એનો મુખ્ય દિવસ ભાદરવા સુદ ચોથનો–એ દિવસ સંવત્સરીને નામે ઓળખાય. ઉપમા આપીએ તો ભાદરવા સુદ ચોથનો દિવસ સૂર્ય સમાન અને બાકીના સાત દિવસો નક્ષત્ર સમાન. સાત દિવસની સાધના એક દિવસને ઉજમાળ કરવા માટે છે.''

મગધરાજ કહે, ''પર્યુષણ પર્વ મુનિ માટે ક્યા પ્રકારનું છે?''

ભગવાન કહે, ''સાધુઓ માટે પર્યુષણા દશ કલ્પમાંનો એક કલ્પ છે. પર્યુષણાનો અર્થ વર્ષાવાસ. વર્ષાઋતુ આવે એટલે સાધુએ એક સ્થળે રહેવું. એનો યોગિક અર્થ એ છે કે આત્માની નજીક રહેવું અને આત્માની નજીક રહેવા માટે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોને તજવા. નવકલ્પમાં સાધુઓ માટે (૧) અચલંક કલ્પ ઓછા ને જીર્ણ વસ્ત્ર પહેરવા. (૨) ઉદેથશક કલ્પ પોતાના નિમિત્તે બતાવેલ આહાર ન લેવો (૩) શચ્યાતર કલ્પ જેને ત્યાં ઊતર્યા હોય તેને ત્યાંનાં ખાનપાન કે વસ્ત્ર સાધુએ ન લેવા. (૪) રાજપિંડ ન લેવો (૫) કૃતિકર્મ કલ્પ જે દીક્ષામાં વડો તેને વડો સ્વીકારવા (૬) ચારને બદલે પાંચ વ્રત (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) સ્વીકારવાં (૭) જયેષ્ઠ કલ્પ -કાચી દીક્ષા નહીં, પાકી દીક્ષાથી લઘુગુરુને સ્વીકાર કરવો (૮) રોજ પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત્ત કરવું (૯) માસ કલ્પ-એક મહિનાથી વિશેષ ક્યાંય ન રહેવું અને (૧૦) પર્યુષણા કલ્પ - ચોમાસામાં એક સ્થળે રહેવું. ચોમાસું રહેલા કલ્પવાળા સાધુએ પર્યુષણાના પાંચ દિવસ માટે કલ્પસૂત્ર વાંચવું.''

મગધરાજ બોલ્યા, ''ગૃહસ્થોએ પર્યુષણા પર્વમાં શું કરવું?''

ભગવાન મહાવીર બોલ્યા, ''ગૃહસ્થ ૧૧ કાર્ય કરે. (૧) પૂજા (૨) ચૈત્ય પરિપાટી (મંદિરોનાં દર્શન) (૩) સાધુ-સંતોની ભક્તિ (૪) સંઘમાં પ્રભાવના (૫) જ્ઞાનની આરાધના (૬) સાધર્મિક વાત્સલ્ય (૭) કલ્પસૂત્ર શ્રવણ (૮) તપશ્ચર્યા કરવી (૯) જીવોને અભયદાન દેવું (૧૦) સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું અને (૧૧) પરસ્પર ક્ષમાપના કરવી.''

મગધરાજ કહે, ''આ તો વિશિષ્ટ કાર્ય કહ્યાં, સામાન્ય દૈનિક અચાર કેવો રાખે?''

ભગવાન કહે, ''એ દિવસોમાં યથાશક્તિ દાન દે, બ્રહ્મચર્ય પાળે, સામાયિક પ્રતિક્રમણને પૌષધ કરે, ઘરના સમારંભ ત્યજે, ખાંડવું-દળવું છોડે, નાટકચેટક ન જુએ, ભૂમિએ સૂએ, સચિત્ત વસ્તુનો ત્યાગ કરે, રાત્રિએ જાગરણ કરે, ભાવભજન કરે, મધ્યાહ્ને પૂજા -આંગી કરે, પાપના વચન મુખથકી ન બોલે, કલશ, શોક, સંતાપ કરે નહિ - કરાવે નહિ. ધર્મમહોત્સવમાં મન-કૂચક મૂકી લક્ષ્મીનો સદુપયોગ કરે.'

મગધરાજ કહે, ''આઠ દિવસમાં શું સાંભળે?''

ભગવાન કહે, ''પ્રથમના ત્રણ દિવસ કરવા યોગ્ય કર્તવ્ય વિષે સાંભળે. પછીના પાંચ દિવસ કલ્પસૂત્ર સાંભળે. કલ્પસૂત્રનો મહિમા પ્રભુ પ્રતિમાંથી પણ વડો લેખાયો છે.''

મગધરાજ : ''આ પર્વ તો મુખ્ય દિવસ સંવત્સરી. એ દિવસનું મુખ્ય કાર્ય શું?''

ભગવાન બોલ્યા, ''ક્ષમાપના પોતાનો જે દોષ - ગુનો કોઈએ કર્યો હોય તેની સામે પગલે જઈને માફી આપવી ને પોતે જે દોષ કર્યા હોય તેની માફી માગવી. મનનો અહંકાર દૂર કરો. નમ્ર થવું. ચિત્ત નિર્મળ કરવું અને પછી આ આખા વર્ષના અતિઉત્તમ દિવસને સાર્થક કરવો.''

**શ્રી સૌરાષ્ટ્ર દશ તાલુકા સ્થા. જૈન સમાજ - મલાડ**

રજિ.નં. ૨૬૧૮ (બોમ્બે) તા. ૩૧-૫-૬૩

આયોજીત

**"વેવિશાળ પરિચય સંમેલન"**

પ્રેરિત દાતા

આંબા નિવાસી હાલ મલાડ - મુંબઇ

**"શેઠ શ્રી પ્રાણલાલ પરશોત્તમ શાહ"**

હસ્તે આસીત - હેમલ - જયેશ

તા. ૨૦-૧૧-૨૦૧૬ રવિવાર ના રોજ રાખેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે સંસ્થાની ઓફીસમાં નામ લખાવવા વિનંતી.

**સ્થળ : એન.એલ.હાઇસ્કુલ, મલાડ(વેસ્ટ)**

**તેમજ ૩૬મા સમુહલગ્નનું આયોજન ડિસેમ્બરમાં કરવામાં આવેલ છે.**

વધુ વિગત માટે ઓફીસ તથા નિચેના ટ્રસ્ટીઓનો સંપર્ક્પ કરવા વિનંતી.

શ્રી કિશોરભાઇ ઝ. દોશી - ૯૩૨૩૨૫૫૪૫૧ || શ્રી ભીખાભાઇ એમ. કપાસી - ૯૮૭૦૦૬૬૯૯૦

શ્રી અનિલભાઇ જે. ગાંધી - ૯૩૨૨૦૧૬૧૮૩ || શ્રી નવનિતભાઇ જે. ઝાટકીયા- ૯૮૨૦૧૨૭૨૪૮

લિ. શ્રી સૌરાષ્ટ્ર દશતાલુકા સ્થા. જૈન સમાજ - મલાડ

ઓફીસ : રવિરાજ એપાર્ટમેન્ટ, એ વિંગ, બ્લોક નં. ૧, ગ્રા.ફ્લોર, મામલતદાર વાડી રોડ નં. ૩, મલાડ(વે), મુંબઇ - ૬૪. ટે. : ૨૮૮૮ ૯૯૪૬. Email : dastaluka@gmail.com

Advt.



**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक । *नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्टूमेंट

♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**


# ૨૨મો સમૂહલગ્નોત્સવ

## જેજેસી-સેન્ટ્રલ બોર્ડ

## જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

**આયોજન**

શનિવાર, તા. ૩.૧૨.૨૦૧૬ના રોજ, ડોન બોસ્કો હાઈ સ્કૂલ, લિંક રોડ બોરીવલી - વેસ્ટમાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.

વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.

ઑફિસઃ ૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.

ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સઃ ૬૬૯૭૩૦૩૮

Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com

# હિન્દુ લૉ મુજબ પરિવારના કયા સભ્યને કાયદેસરનો કયો હક મળે?

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)

હિન્દુ ધારા મુજબ કોઈ પણ હિન્દુ તેની હયાતી દરમિયાન ગમે તેટલા વિલ કરી શકે છે અને દરેક વખતે છેલ્લું વિલ કરે ત્યારે આગલા દરેક વિલ કૅન્સલ થઈ જાય છે. હિન્દુ તેના વિલ પ્રમાણે તેના ઘરના સભ્યોને કે બહારની કોઈ પણ વ્યક્તિને તેની ઈચ્છા પ્રમાણે તેની સ્થાવર અને જંગમ પ્રૉપર્ટી ગમે તેને આપી શકે છે, પરંતુ આમાં અમુક કાયદેસરનાં બંધન છે.

દા.ત. (૧) વિલ કરનારના કુટુંબનો કોઈ પણ સભ્ય જે તેમના પર ડિપેન્ડન્ટ હોય એટલે કે તેની પત્ની, અપરિણીત પુત્રીઓ કે મોટી બીમારીથી પીડાતા કોઈ પણ સભ્ય. વિલમાં લખ્યું હોય કે ન લખ્યું હોય આ બધા કાયદેસર રીતે તેમની હયીત દરમિયાન ગુજરી જનારી વ્યક્તિની મિલકતમાંથી ભરણપોષણ મેળવવાનો કાયદેસરનો હક્ક ધરાવે છે. એટલે કોઈ પણ હિન્દુ જ્યારે વિલ બનાવે ત્યારે તેની પત્ની માટે, અપરિણીત પુત્રી માટે કે ઘરની કોઈ બીમાર વ્યક્તિ માટે તેમની હયાતી દરમિયાન તેમને મેઈન્ટેનન્સ મળતું રહે એવી ખાસ જોગવાઈ કરવી, કારણકે જો આવી જોગવાઈ વિલમાં ન કરી હોય તોપણ તેની પત્ની, અપરિણીત છોકરીઓ કે બીમાર વ્યક્તિને મેઈન્ટેનન્સ મેળવવાનો તો હક્ક રહે છે જ. હિન્દુ એડોપ્શન ઍન્ડ મેઈન્ટેનન્સ ઍક્ટ-૧૯૬૫માં આ પ્રકારનો કાયદેસરનો હક્ક આપવામાં આવ્યો છે. કોઈ પણ અપરિણીત પુત્રી જ્યાં સુધી કુંવારી હોય ત્યાં સુધી તેનું ભરણપોષણ કરવું એ તેનાં મા-બાપની કાયદેસરની ફરજ છે અને અપરિણીત છોકરીનો તે કાયદેસરનો હક્ક છે. કોઈ પણ હિન્દુ પુરુષ ગુજરી જાય તો તેની પત્ની તેની ડિપેન્ડન્ટ કહેવાય છે અને તેની હયાતી દરમિયાન એના પતિની મિલકતમાંથી તેને મેઈન્ટેનન્સ મેળવવાનો કાયદેસરનો હક્ક છે, પરંતુ ધારો કે પત્નીની મૂડી વધારે હોય અને પતિના નામનું કશું હોયજ નહીં તો તે પુરુષનો કાયદેસરનો મેઈન્ટેનન્સ મેળવવાનો કોઈ હક્ક નથી. આવો કાયદેસરનો હક્ક તે પુરુષના પુત્રોનો રહે છે. આવો મેઈન્ટેનન્સનો હક્ક માત્ર એ ડિપેન્ડન્ટને મળે છે, જેની પાસે કોઈ પ્રકારની મૂડી ન હોય કે અવાક ન હોય તો તેને આ હક્ક મળે છે. કોઈ પણ હિન્દુ કે જેનું HUF હોય અને તે HUF Mitakshara કાયદા પ્રમાણે હોય તો વિલમાં તેનો ભાગ આપી શકે છે?

હિન્દુ લૉના HUFના કાયદા પ્રમાણે કે જે HUF Mitaksharaના કાયદા પ્રમાણે ચાલતું હોય તે HUFનો કોઈ પણ સભ્ય તેના HUFના Undervided share તેના HUFના બીજા કોઈ સભ્યને પણ આપી શકે છે.

**હિન્દુ લૉ કોને લાગુ પડે છે?**

હિન્દુ સકશેસન ઍક્ટ ૧૯૫૬ પ્રમાણે હિન્દુ લૉ બધા જ હિન્દુઓને બુદ્ધિસ્ટ, જૈન અને શીખને લાગુ પડે છે, ત્યારે ખ્રિસ્તી, પારસી અને યહૂદીઓને inheritance ના કાયદા Indian Succoin Act 1956 પ્રમાણે લાગુ પડે છે.

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ
## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ
## ના પદાધિકારીઓ




# JJC CENTRAL BOARD OFFICE BEARER

### Sanjay B. Shah - Chairman

| | | | |
|---|---|---|---|
| Ramesh J. Morbial | P. Chairman | Anil G. Doshi | Secretary |
| Chimanlal S. Gosalia | Founder Chairman | Vijay H. Mehta | Secretary |
| Praful V. Kamdar | Vice Chairman | Ramesh M. Sanghvi | Development Sec. |
| Pravin A. Shah | Vice Chairman | Rajesh C. Gandhi | Treasurer |
| Kishor S. Sheth | Secretary General | Rajesh R. Bhansali | Treasurer |
| Jayanti K. Chhadva | Secretary | Chandrakant F. Shah | Editor |
| Uday D. Sanghvi | Secretary | | |

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

### Jitendra S. Kothari - Chairman

| | | | |
|---|---|---|---|
| Kishor N. ShahI.P. | Chairman | Rajesh C. Gandhi | Trustee |
| Ramesh J. Morbia | Vice Chairman | Nitin M. Sanghavi | Trustee |
| Sanjay B. Shah | Vice Chairman | Jayanti K. Chhadva | Trustee |
| Praful V. Kamdar | Secretary | Rasik N. Kothari | Trustee |
| Amit D. Kothari | Secretary | Shailesh D. Shah | Trustee |
| Hasmukh K. Dedhia | Treasurer | Rajesh R. Bhansali | Trustee |
| Pravin G. Shah | Donor Trustee | Dharmesh S. Jain | Trustee |
| Kamlesh C. Shah | Donor Trustee | Rahul M. Timbadia | Trustee |
| Harshad J. Gandhi | Permanent Trustee | Chandrakant F. Shah | Trustee |
| Anil G. Doshi | Trustee | Dinesh V. Shah | Invitee |
| Kishor S. Sheth | Trustee | Kiran H. Shah | Invitee |




With Best Compliments from :

**Nirav TOURS & TRAVELS**

**DIAMOND Holidays**

The Pleasure You Want...

*Customer's satisfaction is main motto...*

## SPECIALIST IN DUBAI TOURS

● Air Ticket ● Car Booking ● Hotel Booking ● Bus Booking ● Package Tour ● Visa

**Enjoy your Diwali Holiday this year at DUBAI with Special Rate**

**23-10-2016 to 29-10-2016 (7 days - 6 Nights) | 31-10-2016 to 5-11-2016 (6 days - 5 Nights)**

**Fix departure dates : 12th Nov. '16 / 23rd Dec. '16 / 13th Jan. 2017 / 24th Feb. 2017**

### TOURS INCLUSION

Special Discount JJC Group

- Return Air Fare
- 3/4 Star Hotel Stay in Bar Dubai
- Daily Buffet Breakfast
- Lunch & Dinner in Indian Restaurant
- Dubai City Tour with Mono Rail
- Yacht Ride
- Desert Safari with Belly Dance & BBQ Dinner
- Global Village
- Abu Dhabi City tour
- Dubai Mall & Fountain Show
- Burj Khalifa at top General Entrance Ticket
- IMG World Theme Park
- Miracle Garden
- Dubai Visa & OTB
- Hotel Tourism Dirham
- All Transfers by AC Vehicle Pvt. Basis
- Limousine Ride

Optional cost per person - Snow Park with Super Pass : USD 60 | Ferrari World : USD 85

For more details : Nirav Shah - M.: +91 9004340080 | Ramesh J. Shah - M. : +91 99673 09982

Shop No. 14-C, Ambika Darshan Appt., Behind Bus Depot,
Chhitabhai Patel Road, Kandivali (East), Mumbai - 400 101, INDIA.
Tel. : +91 22 65889200 / 28868058 | E-mail : diamondntt@yahoo.com

Advt.






પેન થી નહિ પ્રેમ થી, હોઠ થી નહિ હૈયા થી, અક્ષર થી નહિ અંતર થી,
શબ્દો થી નહિ સ્નેહ થી, ફક્ત વચન અને કાયા થી નહિ,
મન થી સહુ ને હેમંતભાઈ કાપડિયા તથા રામભાઈ સોલંકીના ''મિચ્છામી દુક્કડમ''

# RENTAL + PURCHASE OPTION EXCLUSIVE LUXURIOUS APARTMENTS

fully furnished to 5 star standard, with air conditioning exclusive swimming pool, gym, children garden & lobby



1BHK 39K*

2BHK 49K*

3BHK 59K*

onwards per month

Zero deposit for approved clients. optional services include daily housekeeping, laundry, restaurant, hourly air conditioned luxury bus from apartment to Goregaon Railway Station at BEST bus prices

IDEAL FOR TENANTS, CORPORATION AND PURCHASERS IN WAITING OPTION TO PURCHASE AVAILABLE AT TO-DAYS PRICE

for site inspection & further details download e brochure on...

Contact: 022-28794000 / 28795000 / 66457000

www.sales@rentalappartmentsroyalpalms.com

Advt.

*Conditions Apply

# કડવાં ફળ છે ક્રોધનાં

**આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી**

ઉપમિતિભવપ્રપંચકથા નામના શાસ્ત્રમાં ક્રોધને વૈશ્વાનલ કહેવામાં આવ્યો છે. વૈશ્વાનલ એટલે બાળીને સાફ કરી નાખનારો. જંગલોમાં દાવાનળ પ્રગટે તો લીલાં કુંજાર વનોને બાળીને સાફ કરી નાખે છે. સાગરમાં વડવાનલ પ્રગટે તો એ દરિયાનાં પાણીને પણ બાળી નાખે. નગરદાહ થાય તો આખા શહેરને બાળીને સાફ કરી નાખે, પણ વૈશ્વાનલ તો આખા વિશ્વને બાળીને સાફ કરી નાખે. ઉપમિતિકાર કહે છે ક્રોધ એ વૈશ્વાનલ તો આખા વિશ્વને બાળી રહ્યો છે. ક્રોધથી આજે આખું વિશ્વ ભડકે બળી રહ્યું છે.

ક્રોધ બાળે છે, પરજાળે છે. કોમળ હૃદયને શેકે છે અને ખોપરીને એ તપાવે છે. દરેક માણસને આ બાબતનો જાતઅનુભવ છે. જ્યારે જ્યારે ક્રોધ આવે છે ત્યારે ત્યારે ભયંકર શેકણી સ્ટાર્ટ થાય છે. માત્ર એક જ મિનિટનો ક્રોધ માણસના કોમળ અને સૂક્ષ્મ એ અવયવોને એવો તપાવી જાય છે કે તપીને લાય થઈ ગયેલા એ અવયવોને ફરી પાછા પોતાની નોર્મલ સ્થિતિમાં આવતાં ત્રણ કલાકનો સમય લાગે છે. તપાવવું એ આગનો પોતાનો સ્વભાવ છે. ગૅસનો કૉક ઑફ કર્યા પછી પણ ચૂલાને ઠંડો પડતાં વાર લાગે છે. ક્રોધ પણ આગના જ ગુણધર્મ ધરાવે છે. જ્યાં આગ જલતી હશે ત્યાં આસપાસની દીવાલો કાળી પડયા વિના નહિ રહે. તેમ જે માણસના અંતરમાં વારંવાર ક્રોધ જાગતો હોય તેની મોંઢાની સ્કીન કાળી પડ્યા વિના નહિ રહે. તેની આંખોની આસપાસ કાળાં કૂંડાળાં પડી જવાનાં. હોઠ કાળા પડી જવાના. આગનો એક સ્વભાવ છે કે એ જે લાકડામાં પેદા થઈ હશે એ લાકડાને સૌપ્રથમ બાળશે. પછી તેના સંપર્કમાં જે આવશે તે બધાને બાળશે. ક્રોધ પણ પહેલાં જ્યાં ઉત્પન્ન થયો હશે એ માણસને પહેલાં બાળશે. પછી જ ક્રોધીની સામે થવા જશે તેને બાળશે. બીજાને કદાચ બાળે કે ન બાળે, પણ માણસને પોતાને તો ક્રોધ બાળે જ છે. આગ ઠરી ગયા પછી રાખ સિવાય કશું બચતું નથી તેમ ક્રોધ કરનારા માણસના હાથમાં સુખની રાખ સિવાય કશું આવતું નથી. ક્રોધાગ્નિ દ્વારા શરીરમાં થતાં રિએક્શનનો પ્રત્યેક માનવના અનુભવમાં છે. ક્રોધનું સ્વરૂપ ખૂબ બિહામણું હોય છે. ઘરનો વડપુરુષ જ્યારે રાક્ષસ બને અને મમ્મી જ્યારે રણચંડીનો શણગાર સજે ત્યારે ઑફકોર્સ નાનાં બાળકો એકદમ ડરી જાય છે. ગભરાઈ જાય છે. કેટલાંક બાળકો તો આ રૌદ્રાકૃતિઓનાં દર્શનમાત્રથી એવાં બી જતાં હોય છે કે બિચ્ચારાં ચડ્ડીમાં જ મૂતરી જતાં હોય છે. ક્રોધાંધ બનેલો માણસ પોતાનો ચહેરો જોઈ શકતો નથી, પણ ઘરની દીવાલમાં જો ઑટોમેટિક કૅમેરા ગોઠવી રાખ્યા હોય અને ગુસ્સો આવતાંની સાથે જ પોતાની મેળે સ્ટાર્ટ થઈને જો કૅમેરા ફોટા પાડવા માંડે તો બજારમાં હીરો થઈને ફરનારા માણસના એક્સ્ટ્રા ઑર્ડિનરી અફલાતૂન ફોટોગ્રાફ જોવા મળે.

ક્રોધી માણસની આંખો યોગીના યજ્ઞકુંડ જેવી રાતીચોળ થઈ જાય છે. આંખોની પાંપણો ભ્રમરો પર જાણે કાનખજૂરા ચોંટી ગયા હોય એમ એકેક વાળ ટટ્ટાર થઈ જાય છે. દાંત ચિમ્પાઝીની જેમ કચ કચ થવા મંડે છે. લોઢાના હથોડાની જેમ હાથની મુઠ્ઠીઓ ઊંચી થઈ જાય છે. આંખોમાંથી ઝેરના ફુવારા ઊડવા મંડે છે. શ્વાસની ગતિ ઉગ્ર બની જાય છે. આખું શરીર કંપવા મંડે છે. હોઠ ધ્રૂજવા મંડે છે અને પછી જે આક્રમણ થાય છે તે ઘરને પાણીપતનું મેદાન બનાવી નાખે છે. ન ધારેલાં કડવાં વખ પરિણામ ક્રોધ લાવી દે છે. થોડીક મિનિટોની આ લડાઈ પૂરી થયા બાદ માણસ કરોડોનું નુકસાન કરી બેઠો હોય છે. ક્રોધી માણસ ઘરમાંથી બધાનો પ્રેમ ગુમાવી બેસે છે.

એક દિવસ માટે તમે તમારા સુપરવાઈઝર, ડોરકીપર અને વૉચમૅન બનો. મનના દરવાજે ઊભા રહો અને પછી તપાસો કે કૌન આતા હૈ, કૌન જાતા હૈ, વડા પ્રધાનની ચેમ્બરમાં કોણ કેટલા વાગે મળવા આવ્યું તેની પ્રતિ સેંકડે નોટ્સ લેવાય છે. તેમ તમારા ચિત્ત ચેમ્બરમાં કોણ આવ્યું અને કોણ ગયું તેની ફક્ત એક દિવસની વિઝિટ બુક તૈયાર કરો તો ખ્યાલ આવશે કે કામ, ક્રોધ વારાફરતી કેટલી વાર આવ-જા કર્યા કરે છે.

હાય રે! કેવી કમનસીબી છે કે ઘરમાં મચ્છર ન ઘૂસી જાય માટે માણસ બારીઓમાં ઝીણી નેટો ફીટ કરાવે છે. ઘરમાં કૂતરાં ન ઘૂસી જાય માટે કૂતરાજાળ ફીટ કરાવે છે. ચોર ન ઘૂસી જાય માટે બારણે તાળાં લગાવે છે, પણ એના ચિત્તમાં ઘૂસી જઈને રમણભમણ કરી મૂકનારા ક્રોધાદિ

દોષરૂપ મચ્છરો, કૂતરાં અને ચોરોને ઘૂસતા અટકાવવા માટે માણસે જાહેર છૂટ આપી દીધી છે.

બંગલામાં કરોડોની મૂડીને સાચવી બેઠેલો વીઆઇપી જણ કદાચ અંદરથી આખો ને આખો સાવ લૂંટાઇ ગયો હોય, બધું જ ગુમાવી બેઠો હોય, નિર્ધનિયો અને દેવાળિયો બની બેઠો હોય તો ના કહી શકાય નહિ. યાદ રહે કે બહારમાં ભલે કરોડોની સંપત્તિ હોય, પણ અંદરનું ગુણરૂપી ધન જો કામ ક્રોધાદિ ચોરોએ લૂંટી લીધું હોય તો બહારનું સુખ માણસને લેશ પણ સુખી કરી શકશે નહિ.

ગુસ્સાખોર માણસો જવાનીમાં જ રોગોના ભોગ બની બેસે છે. જે રોગ સાઇઠ વર્ષની ઉંમર પછી આવતા હતા તે રોગ હમણાં હમણાં ત્રીસ, ચાળીસ વર્ષના ફૂટડા યુવાન માણસોને થવા મંડયા છે. હાર્ટઍટેક, બ્લડપ્રેસર, ડાયાબિટીસ અને સોરાયાસીસ જેવાં દર્દો કૂદકે ને ભૂસકે વધી રહ્યાં છે. આ રોગમાં પર્યાવરણ, પ્રદૂષણ, આહારવિહારમાં બેફામપણું આદિ કારણો જવાબદાર હશે, પણ સૌથી વધુ જવાબદાર માણસનો સ્વભાવ છે.

